15.02.2023 પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

" મીઠાં બાળકો - તમારા માટે યોગની ભઠ્ઠી મોસ્ટ વેલ્યુએબલ ( ખૂબજ જરુરી ) છે , કારણ કે આ ભઠ્ઠી થી જ તમારા વિકર્મ ભસ્મ થાય છે"

પ્રશ્ન :- કયા બાળકોની બુદ્ધિમાં બીજ અને ઝાડનું જ્ઞાન સ્પષ્ટ બેસી શકે છે?

ઉત્તર :- જે વિચાર સાગર મંથન કરે છે. વિચાર સાગર મંથન માટે અમૃતવેલા નો સમય ખૂબ સારો છે. અમૃતવેલા ઉઠીને બુદ્ધિ થી એક બાબા ને યાદ કરો. તમારો અજપાજાપ ચાલતો રહે. સૂક્ષ્મ તથા સ્થૂળ માં શિવબાબા, શિવબાબા કહેવાની જરુર નથી. બુદ્ધિથી યાદ કરવાનાં છે.

ઓમ્ શાંતિ ! રુહાની બાપ રુહો ને સમજાવે છે અર્થાત્ બાળકોને સમજાવે છે. બાપ કહે છે મને પણ શરીર છે ત્યારે તો વાત કરી શકું છું. તમે પણ એવું સમજો હું આત્મા છું, આ શરીર દ્વારા સાંભળી રહ્યો છું. આ જ્ઞાન સારી રીતે ધારણ કરવાનું છે. જેવી રીતે બાપની પાસે ધારણા કરેલી છે. આત્માની બુદ્ધિમાં ધારણા થાય છે. તમારી બુદ્ધિમાં એવી ધારણા થવી જોઈએ જેવી બાપની બુદ્ધિમાં છે. બીજ અને ઝાડની સમજણ તો ખૂબ સહજ છે. માળી ને જ્ઞાન હોય છે ને કે ફલાણું બીજ વાવવાથી આટલું મોટું ઝાડ નીકળશે. બસ, બાબા પણ એમ જ સમજાવે છે, આ બુદ્ધિમાં ધારણ કરવાનું છે. જેમ મારી બુદ્ધિમાં છે તેમ તમારી બુદ્ધિમાં રહેવું જોઈએ. એ રહેશે ત્યારે જ્યારે વિચાર સાગર મંથન કરશો. વિચાર સાગર મંથન કરવાનો સમય સવાર નો ખૂબ સારો છે. તે સમયે ધંધો વગેરે કાંઈ નથી રહેતું. ભક્તિ પણ મનુષ્ય સવારે કરે છે. અહીં ત્યાં જાતા રહે છે અથવા બેસીને કોઈ નામ જપતા રહે છે તથા ગીત ગાય છે, અવાજ કરે છે, કોઈ તો અંદર જ રામ-રામ રટે છે. આ ભક્તિનો અજપાજાપ થાય છે. કોઈ માળા પણ ફેરવતા રહે છે. તમારે શિવ-શિવ કહેવાનું નથી. જે લોકો ભક્તિમાં કરે તે જ્ઞાનમાં નહીં થવું જોઈએ. ઘણાઓને આદત પડેલી છે. શિવ-શિવ સ્મરણ કરતા હશે. તમારે શિવ-શિવ ન સ્થૂળમાં, ન સૂક્ષ્મમાં જપવાનું છે. આપ બાળકો જાણો છો કે અમારા બાપ આવેલા છે. આવશે પણ જરુર કોઈ શરીર માં. એમનું કોઈ પોતાનું શરીર તો છે નહીં. એ પુનર્જન્મ રહિત છે. પુનર્જન્મ મનુષ્ય સૃષ્ટિમાં થાય છે. વિષ્ણુ નાં બે રુપ લક્ષ્મી-નારાયણ છે. દેવ-દેવ મહાદેવ કહે છે. બ્રહ્મા અને વિષ્ણુનું પરસ્પર કનેક્શન (સંબંધ) છે. શંકરનું કોઈ કનેક્શન નથી, એટલે એને મોટાં રાખે છે. એમનો પુનર્જન્મ નથી, એમને સૂક્ષ્મ શરીર મળે છે. શિવબાબા ને સૂક્ષ્મ શરીર પણ નથી એટલે એ સૌથી ઊંચા માં ઊંચા છે. એ છે બેહદ નાં બાપ. બાળકો જાણે છે બેહદ નાં બાપ પાસે થી આપણે બેહદ સુખનો વારસો લઈએ છીએ. બાપ ની શ્રીમત પર તમારે પૂરાં ચાલવાનું છે. જે પોતે યાદ કરે છે, બીજા ને યાદ કરાવે છે, તે જેમકે બાપ નાં મદદગાર છે. બાપ અને વારસા ને યાદ કરવાનાં છે. બાળકોને સમજાવતાં રહે છે - તમારા હવે ૮૪ જન્મ પૂરાં થયા છે. બાકી થોડો સમય છે. નાટકમાં એક્ટર્સ (કલાકાર) સમજે છે - હવે બાકી અડધો કલાક છે પછી અમે ઘરે જઈશું. સમય જોતા રહે છે. તમારી તો બેહદ ની ખૂબ મોટી ઘડિયાળ છે. સમજાવ્યું છે કે હવે ઘરે જવાનું છે. બાપને યાદ કરવાથી તમારા વિકર્મ વિનાશ થશે બીજા કોઈ શાસ્ત્રોમાં એવો સહજયોગ નથી. તેઓ તો ખુબ હઠયોગ કરે છે, ખુબ મહેનત કરે છે, જે આપ માતાઓ કરી ન શકો. તમારે હઠયોગીઓની જેમ આસન નથી લગાવવાનું. હા સભામાં ઠીક થઈને બેસવાનું છે. તમારો રાજયોગ છે - પગ પર પગ ચઢાવીને બેસવું. એવી રીતે રાજયોગ માં બેસવાથી નશો ચઢશે. હઠયોગમાં બંને પગ ચઢાવે છે. બાબા તમને તકલીફ નથી આપતાં. ફક્ત થોડો ફરક રાખવો જોઈએ. કોમન (સાધારણ) બેસવામાં અને યોગમાં બેસવામાં. તમે રાજયોગ શીખી રહ્યાં છો. તો એવી રીતે બેસવું જોઈએ જે મનુષ્ય સમજે આ રાજયોગ માં બેઠા છે. આ આપણો રાજાઈ નો ઢંગ છે. તમે બેહદનાં બાપ દ્વારા રાજાઓનાં રાજા બની રહ્યાં છો. એવાં બાપ ને ઘડી-ઘડી યાદ કરવાનાં છે. સતયુગ માં બાપને યાદ નથી કરાતાં. પોતાને કરાય છે. કળિયુગ માં નથી બાપને જાણતાં, નથી પોતાને જાણતાં. ફક્ત બાપને પોકારે છે. હવે તમે સારી રીતે જાણી ગયાં છો. બીજા કોઈ એવું નથી સમજતાં કે બાપ બિંદુ છે. અતિ સૂક્ષ્મ પણ કહે છે પછી કહે છે હજારો સૂર્ય થી પણ તીખા (તેજોમય) છે. તો વાત મળતી નથી. જ્યારે કહે છે નામ-રુપથી ન્યારા છે પછી હજારો સૂર્ય થી તેજોમય કેમ કહેવું જોઈએ? પહેલાં તમે પણ એવું સમજતા હતાં. બાપ કહે છે - ડ્રામા માં આ સમજણ મોડેથી મળવાની હતી. સૂક્ષ્મ માં સૂક્ષ્મ ગુહ્ય વાતો સમજીને સમજાવાય છે. એવો ન ખ્યાલ આવવો જોઈએ કે પહેલાં હજારો સૂર્ય થી તેજોમય કહેતા હતાં હવે પછી

બિંદુ કેમ કહીએ છીએ? જ્યારે આઈ.સી.એસ. ભણશે ત્યારે આઈ.સી.એસ. ની વાતો કરશે, પહેલાં કેવી રીતે કરશે? આમાં મૂંઝાવાની જરુર નથી. ડ્રામા માં જ્યારે બાબાને સમજાવવાનું છે ત્યારે સમજાવે છે, આનાં પછી પણ હજું શું-શું સમજાવશે, કારણ કે બાપનો પણ પ્રભાવ તો નીકળવાનો છે ને. જેમ તમારો આત્મા છે તેમ એ પણ આત્મા છે. પરમધામ માં રહે છે. એમને પરમ આત્મા કહે છે. અહીં જ્યારે આવે છે તો જ્ઞાન આપે છે.

બાપ કહે છે - જ્યારે પતિત દુનિયા હશે ત્યારે હું પાવન દુનિયા બનાવવા આવીશ. પોકારે પણ છે હે પતિત-પાવન, હે દુઃખહર્તા સુખકર્તા આવો. એ તો સંગમ પર આવશે. જ્યારે રાત પૂરી થશે ત્યારે દિવસ થશે. જૂની દુનિયાનો અંત થશે. કર્માતીત અવસ્થા અંતમા થશે. તમારે રહેવાનું પણ ગૃહસ્થ વ્યવહાર માં છે, છોડવાનું પણ નથી. શરીર નિર્વાહ અર્થ વ્યવહાર કરતા કમળફૂલ સમાન પવિત્ર રહેવાનું છે. દેવતા તો છે જ પૂર્ણ પવિત્ર. પરંતુ ક્યારે અને કેવી રીતે બન્યાં! જરુર પુરુષાર્થ કર્યો ત્યારે તો પ્રાલબ્ધ મેળવ્યું. પુરુષાર્થ અનુસાર પ્રાલબ્ધ બન્યું. જેવા કર્મ તેવું પ્રાલબ્ધ, આ તો ચાલતું જ રહે છે. હમણાં તો તમને કર્મ શીખવાડવા વાળા બાપ મળ્યાં છે. એમને સારી રીતે યાદ કરવા જોઈએ. તમે એડોપ્ટેડ (અપનાવેલા) બાળકો છો. મારવાડીઓમાં એડોપ્શન ઘણું થાય છે. તમારૂ પણ એડોપ્શન છે. તમે આમનાં ગર્ભ થી નથી નીકળ્યાં. એડોપ્શન માં બંને બાપ યાદ રહે છે. અંત સુધી જાણે છે કે હું અસલ કોનો હતો. હવે આમનાં ખોળા નો બાળક બન્યો છું. તમે પણ જાણો છો અમે કોના હતાં અને કોના બન્યાં છીએ. હું એડોપ્ટ થયો છું પરમપિતા પરમાત્માની પાસે, એ છે સ્વર્ગ નાં રચયિતા. એમની રચના કેટલો સમય ચાલે છે? અડધોકલ્પ. નર્ક નો રચયિતા છે રાવણ, એનું પણ અડધોકલ્પ રાજ્ય ચાલે છે. સતોપ્રધાન થી તમોપ્રધાન બને છે. આ સમજની વાત છે. કાંઈ સમજમાં ન આવે તો પૂછવું જોઈએ. જ્યારે સૂર્ય ચંદ્ર ને ગ્રહણ લાગે છે તો કહે છે દે દાન..... સૂર્ય ચંદ્ર ને મા-બાપ કહેવાય છે. અહીં પણ મેલ-ફિમેલ (પુરુષ- સ્ત્રી) બંને ને ગ્રહણ લાગે છે, ત્યારે કહે છે ૫ વિકારોનું દાન આપી દો. તે તો વર્ષમાં ૧-૨ વાર ગ્રહણ લાગે છે. આ તો કલ્પની વાત છે. બાપ આવીને એક જ વાર દાન લે છે. મનુષ્ય બિલકુલ સંપૂર્ણ કાળા બની ગયાં છે. આયરન એજ (કળિયુગ) છે. સાચ્ચા સોના માં એલોય (ખાધ) પડવાથી કાળા થઈ જાય છે. નવું ઘર, જૂનુ ઘર. નવાં બાળકો અને વૃધ્ધ માં ફરક તો છે ને. નાનું બાળક કેટલુ મીઠું પ્રિય લાગે છે. બધાં એને ચૂમે છે. ખોળા માં બેસાડે છે. જૂનું જડજડીભૂત થઈ જાય છે તો કહે છે ક્યાં શરીર છૂટે તો સારું. વધારે દુઃખ કેમ સહન કરીએ. આત્મા એક શરીર છોડી જઈને બીજું લે છે. અહીં આપણે બીમાર ને મરવા નથી દેતાં તો પણ જેટલુ સાંભળે એટલું સારું. શિવબાબા અને વારસાને યાદ કરતા રહો. બીમારીમાં જ્યારે વધારે પીડા થાય છે તો બધું ભૂલાઈ જાય છે. બાકી જેનો કોઈમાં ભાવ હોય છે તો તે સામે આવી જાય છે. તમારો તો અંજામ (વાયદો) છે મારા તો એક શિવ બાબા બીજું ન કોઈ. પછી બીજા કોઈને યાદ કેમ કરો છો. બાપ કહે છે - મારા વગર કોઈની સ્મૃતિ પણ ન આવે. ગવાયેલું છે અંતકાળે જે સ્ત્રી સિમરે.... આખો શ્લોક કહી દે છે, અર્થ કાંઈ પણ નથી સમજતાં. છે આખી સંગમની વાત જે ભક્તિ માં ગાય છે, આ સમયે ફક્ત તમારે બાપ અને વારસાને યાદ કરવાનાં છે. શ્રી નારાયણ તમારું પ્રાલબ્ધ છે તો અર્થ પૂરો બુદ્ધિમાં હોવો જોઈએ. વગર અર્થ તો ઘણાં યાદ કરતા રહે છે. અંતમાં જેની સાથે વધારે પ્રિત હોય છે, તે જ યાદ આવે છે. ખૂબ ખબરદાર રહેવું જોઈએ. તમારે યાદ કરવાનાં છે એક બાપને.

બાપ કહે છે - મનમનાભવ. આપ બાળકો કહો છો બાબા અમે કલ્પ-કલ્પ તમને મળીએ છીએ. આ જ્ઞાન તમારી પાસે થી મધુબન માં આવીને લઈએ છીએ. આ છે વશીકરણ મંત્ર. સતગુરુ છે તો તમને મંત્ર પણ એવો આપે છે, જે તમે અમર બની જાઓ. આ છે માયા પર જીત મેળવવાનો મંત્ર. આનાં પર ગાય છે તુલસીદાસ ચંદન ઘસે..... આ પણ હમણાં ની વાત છે જે પછી ગવાય છે. આપ બાળકોને રાજતિલક મળી રહ્યું છે - બાપ અને વારસાને યાદ કરવાથી. બાપ અને બાદશાહી ને યાદ કરી શરીર છોડશો તો રાજાઈ નું તિલક મળી જશે. એક ને તો નહીં મળશે. માળા ૧૦૮ ની પણ છે. ૧૬૧૦૮ ની પણ છે.

હવે તો ફક્ત તમારે એક્યુરેટ (યથાર્થ) બાબાને યાદ કરવાનાં છે. બાબા માટે કહે છે - તમારી ગત મત તમે જ જાણો. તે બરાબર છે. સદ્દગતિ દાતા એ છે, એ જ જાણે. આગળ તો ફક્ત ગાતા હતાં અર્થ રહિત. એમને કહેવાય છે, અનર્થ. પ્રાપ્તિ કાંઈ પણ નથી. મનુષ્ય દાન-પુણ્ય વગેરે કરતાં-કરતાં ઉતરતા જ આવ્યાં છે. પ્રાપ્તિ કાંઈ પણ નથી. આસુરી મત પર બધાં અનર્થ થઈ ગયાં છે. આ પણ નારાયણ ની પૂજા કરતા હતાં, હવે ફરી પુજારી થી પૂજ્ય બની રહ્યાં છે - પ્રેક્ટિકલ માં. હવે આપ બાળકો જાણો છો શિવબાબા આપણને ભણાવે છે. આ તો પાક્કું યાદ રાખવાનું છે. નહીં તો વિકર્મ વિનાશ નહીં થાય. આ યોગની ભઠ્ઠી મોસ્ટ વેલ્યુબલ છે. મુક્તિ પણ મળે છે ને.

કોઈ કહે છે અમને મનની શાંતિ જોઈએ. પરંતુ પહેલાં એ બતાવો તમને અશાંત કોણે કર્યા? જરુર પહેલાં શાંતિ હતી. હમણાં અશાંત બન્યાં છો, ત્યારે તો શાંતિ માંગો છો. શાંતિ તો આખી દુનિયામાં જોઈએ. એક ને શાંતિ મળવાથી કાંઈ થઈ ન શકે. એક ને શાંતિ મળવાથી આખી દુનિયામાં થોડી શાંતિ થઈ શકશે. અશાંત કોણે કર્યા છે? મૂંઝાઈ પડ્યાં છે. સમજાવાય છે શાંતિધામ, સુખધામ અને આ છે દુઃખધામ. સુખધામ માં મનુષ્ય ખૂબ ઓછા હતાં. એ સમયે બાકી સર્વ આત્માઓ શાંતિધામ માં હતાં. તમને શાંતિ ત્યાં મળશે. અહીં તો મળી ન શકે. અહીં તો છે જ દુઃખધામ. દુઃખ માં અશાંતિ હોય છે. આ તો ખૂબ સહજ છે, કોઈને પણ સમજાવવું. સુખ-શાંતિ નો વારસો આપવા વાળા એક જ બાપ છે. સતયુગ માં સુખ-શાંતિ બંને છે. અહીં આત્મા ઈચ્છે છે કે મારું મન શાંત થાય. તો જાઓ તમે પોતાનાં ઘરે પરમધામ. પરંતુ પતિત પછી જઈ પણ ન શકે, એટલે બાપ સમજાવે છે મને યાદ કરો. તો અંત મતિ સો ગતિ થઈ જશે. બાપ અને વારસા ને યાદ કરો. પરંતુ માયા એવી છે જે પવિત્ર બનવા નથી દેતી. અબળાઓ પર જુઓ કેટલાં અત્યાચાર થાય છે. વિષ (વિકાર) વગર રહી ન શકે. બાબાની પાસે અનેક પ્રકાર નાં સમાચાર આવે છે. સૌથી મોટી હિંસા કામ મહાશત્રુ ની છે. બાપ કહે છે-બાળકો વિષ છોડો, કાળું મોઢું નહીં કરો. તો કહે છે કોશિશ કરીશું. આ ઝેર છે, આદિ-મધ્ય-અંત દુઃખ આપવાવાળું છે. પરંતુ તકદીર માં નથી તો સાંભળતા જ નથી. આત્માઓને બાપ બેસી સમજાવે છે - આજ થી વિકાર માં નહીં જતાં તો મોઢું નીચું કરી દે છે. અરે કામ મહાશત્રુ છે. આ સારું થોડી છે? આ છે જ વિશશ વર્લ્ડ (વિકારી દુનિયા), બધાં પતિત છે. સતયુગ માં બધાં સંપૂર્ણ નિર્વિકારી છે. અચ્છા!

માતા-પિતા બાપદાદા નાં કલ્પ અથવા ૫ હજાર વર્ષ પછી મળેલા મીઠાં-મીઠાં સિકીલધા બાળકોને યાદપ્યાર અને ગુડ મોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સમય ખૂબ થોડો છે એટલે બાપ નાં પૂરે-પૂરાં મદદગાર બનીને રહેવાનું છે. બાપ અને વારસાને યાદ કરવાનાં છે અને બીજાઓને પણ કરાવવાનું છે.
2. અંત સમય માં એક બાપ ની યાદ રહે એટલાં માટે દિલ ની પ્રીત એક બાપ સાથે રાખવાની છે. બાપ વગર બીજા કોઈની સ્મૃતિ ન આવે, એનાં માટે ખબરદાર રહેવાનું છે.

વરદાન :- વિચારવું , કહેવું અને કરવું આ ત્રણેય ને સમાન બનાવવા વાળા બાપ સમાન સંપન્ન ભવ

બાપદાદા હવે બધાં બાળકોને સમાન અને સંપન્ન જોવા ઈચ્છે છે. સંપન્ન બનવા માટે વિચારવું, કહેવું અને કરવું ત્રણેય સમાન હોય. એનાં માટે બધી તૈયારી પણ કરો છો, સંકલ્પ પણ છે, ઈચ્છા પણ આ જ છે. પરંતુ આ ઈચ્છા પૂરી ત્યારે થશે જ્યારે બીજી બધી ઈચ્છાઓ થી ઈચ્છા માત્રામ્ અવિદ્યા બનશો. નાની-નાની અનેક પ્રકારની ઈચ્છાઓ જ આ એક ઈચ્છા ને પૂર્ણ કરવા નથી દેતી.

સ્લોગન :- અવ્યક્ત અથવા કર્માતીત સ્થિતિ નો અનુભવ કરવો છે તો કથની (કથણી), કરની (કરણી) અને રહેની (રહેણી) ને સમાન બનાવો.